જોજન ઉંચા જઈએ તિવારે સુર્યનુ વિમાન આવે તીહાંથકી એસી જોજન ઉંચા જઈએ તીવારે ચંદ્રમાનું વિમાન આવે તિહાંથકી ચાર જોજન ઊંચા જઈએ તિવારે નક્ષત્રનો વિમાન આવે તીહાંથી ચાર જોજન બુધનો તારો ઉચોછે તીહાંથી ત્રણ જોજન સુક્રનો તારો ઉંચોછે તીહાંથી ત્રણજોજન બૃહસ્પતિનો તારો ઉંચોછે તીહાંથી ત્રણ જોજન મંગળનો તારો ઊંચોછે તીહાંથી ત્રણ જોજન સનીશ્ચરનો તારો ઊંચો છે એ નવસેં જોજનમાં જ્યોતિષ ચક્ર છે તે ઉપરાંત અસંખ્યાતા જોજન કોડકોડિ ઊંચપણે ચઢિએ તિવારે પહિલો સુધર્મ નામે દેવલોક અને બીજો ઇશાનદેવલોક આવે પહિલામાં બત્રીસલાખ વિમાનછે બીજામાં અઠાવીસ લાખ વિમાન છે સતાવીસેં જોજનના ભોંયતળા છે પાંચસે જોજનના ઊંચા બને મેહેલ છે વિમાન પૂર્ણ ચંદ્રમાને આકારે છે તિહાંથકી અસંખ્યાતા જોજન કોડ કોડિ ઉંચા જાય તારે ત્રિજો સનતકુમાર દેવલોક અને ચોથો માહેંદ્ર દેવલોક આવે ત્રીજામાં બારલાખ વિમાન છે. ચોથામાં આઠલાખ વિમાનછે છવીસે જોજનના ભોંયતળા છે છસે જોજનના ઉંચા મહેલછે. બેમલિ પુર્ણ ચંદ્રમાને આકારેછે તીહાંથકી અસંખ્યાતા જોજન ઉંચાં જઈએ તિવારે પાંચમુ બ્રહ્મલોક દેવલોક આવે તેમાં ચારલાખ વિમાન છે પચીસે જોજનના ભોંયતળા છે સાતસે જોજનના મહેલ ઊંચાછે અને પૂર્ણચંદ્રમાને આકારેછે તીહાંથી અસંખ્યાતા જોજન ઉંચા જઇએ તિવારે છઠો લંતક દેવલોક આવે તેમાં પચાસહજાર વેમાનછે પચીસે જોજન ભોંયતળાછે અને સાતસે જોજનના ઉંચા મેહેલ છે અને પૂર્ણચંદ્રમાને આકારે છે તીહાંથી અસંખ્યાતા જોજન કોડા કોડી ઊંચા જઈએ તિવારે સાતમો મહાસુક દેવલોક છે તે માહિં ચાલીસહજાર વિમાનછે ચોવીસે જોજનના ભોયતળા છે આઠસે જોજનના મેહેલ ઊંચાછે પુર્ણચંદ્રમાને આકારે છે તીહાંથી અસંખ્યાતા

જોજન ઊંચા જઇએ તેવારે આઠમો સહસાર દેવલોક છે તે માહે
છહજાર વેમાન છે ચોવીસે જોજનના ભોયતલા છે અને આઠસે જો-
જનના મેહેલ ઊંચાછે ને પુર્ણચંદ્રમાને આકારે છે તીહાંથકી અસં-
ખ્યાતા જોજન ઊંચા જઇએ તેવારે નવમો આણુતદેવલોક અને દસમુ
પ્રાણુતનામે દેવલોક એ બેમાં ચારસે વેમાન છે તેવિસે જોજનના
ભોયતલીયા અને નવસે જોજનના મેહેલ ઊંચાછે. એ બે મલી પુરણ
ચંદ્રમાને આકારેછે તીહાંથી અસંખ્યાતા જોજન કોડાકોડી ઊંચા જ-
ઇએ તીવારે અગ્યારમુ આરણ દેવલોક અને બારમુ અચ્ચુય દેવલોક
આવે એ બેમાં ત્રણસે વિમાન છે તે વીસે જોજનના ભોયતળા અને
નવસે જોજનના મેહેલ ઊંચાછે એ બે મલી પુર્ણચંદ્રમાને આકારેછે
તીહાથી અસંખ્યાતા જોજન કોડા કોડ ઊંચા જઈએ તીવારે નવ
ગ્રૈવેયક આવે તેહના નામ ભદે ॥ ૧ ॥ સુભદે ॥ ૨ ॥ સુજાએ ॥૩॥
સુમાણસે ॥ ૪ ॥ પ્રીયદંસણે ॥ ૫ ॥ સુદંસણે ॥ ૬ ॥ આમોહે ॥૭॥
સુપડી બુદ્ધે ॥ ૮ ॥ જસોધરે ॥ ૯ ॥ એ નવ ગ્રૈવેયકમાં ત્રણ ત્રીકછે
પેહેલી ત્રીકમા એકસો અગીયાર વીમાન છે બીજી ત્રીકમાં એકસો
સાત વીમાનછે ત્રીજી ત્રીકમા એકસો વીમાન છે બાવીસે જોજનના
ભોયતળીયા છે એક હજાર જોજનના મેહેલ ઊંચા છે એ ત્રણ ત્રીક
ગાગર બેડીઆને આકારે છે તીહાંથી અસંખ્યાતી જોજન કોડા કોડી
ઊંચા જઇએ તીવારે પાંચ અણુતર વીમાન આવે તેહના નામ વિ-
જે ॥ ૧ ॥ વિજયંત ॥ ૨ ॥ જયંત ॥ ૩ ॥ અપરાજીત ॥ ૪ ॥
સર્વાર્થ સિદ્ધ વિમાન એ ચાર વિમાન ચારેંદિસે અડધા અડધા ચંદ્ર-
માને આકારે છે અને સર્વાર્થ સિદ્ધ વિમાન વિચમાં પુણ ચંદ્રમાને
આકારેછે એકવીશે જોજનના ભોયતળીઆ છે અગીઆરસે જોજનના
મેહેલ ઊંચાછે એ સર્વ મલીને ચૌરાસિલાખ સતાણુહજાર તેવીસ
વિમાન છે તેહનાં ધ્વજા પતાકા થકી બાર જોજન ઊંચા જઇએ

તીવારે ઈસીપભારા નામે મુક્તિ સીલા આવે તે મુક્તિસીલા કેહવિછે પીસતાળીસ લાખ જોજનની લાંબી પહોળી છે મધ્યભાગે આઠ જો-જનની જાડીછે ઊતરતાં ઉતરતાં છેહડે માખીની પાંખ કરતા પાતળી છે ગઠારી છે મઠારી છે રજ રહીત છે કીરણુ સહીત છે પ્રતિબિંબ દે-ખાય છે તથા દસગુણે કરી સોભતીછે રૂપાના પતરાં કરતાં ઉજળી છે ॥ ૧ ॥ સંખના તળા કરતાં ઉજળી છે ॥ ૨ ॥ મોતીનાહાર કરતાં ઉજળી છે ॥ ૩ ॥ સમુદ્રના ફીણ કરતાં ઉજળી છે ॥ ૪ ॥ સરદ રૂતુના ચંદ્રમા કરતાં ઉજલી છે ॥ ૫ ॥ ગાયના દુધ કરતાં ઉજળી છે ॥ ૬ ॥ મચકુર મોગરાના ફુલ કરતા ઉજળી છે ॥ ૭ ॥ કમળના તાંત કરતાં ઉજલી છે ॥ ૮ ॥ ગાયના દહી કરતાં ઉજળી છે ॥ ૯ ॥ પાણીના પરપોટા કરતા ઉજળી છે ॥ ૧૦ ॥ ઇત્યાદીક દસગુણે કરી સોભાય-માન છે ચિતને પ્રસન્ન કારિછે તે સિદ્ધ સિલા ઉપર એક જોજનના છેલા ગાઉના છઠા ભાગને વિષે સિદ્ધ ભગવંતજી એકત્રીસે ગુણેકરી બીરાજમાન છે તે એકત્રીસ ગુણ કિયા તેના નામ પાંચ પ્રકારે ગ્નાનાવરણી કર્મ ક્ષય કર્યા નવપ્રકારે દ્રસણા વરણી કર્મક્ષય કર્યા બે પ્રકારે વંદની કર્મ ક્ષય કર્યા બે પ્રકારે મોહની કર્મ ક્ષય કર્યા ચાર પ્રકારે આયુષ કર્મ ક્ષય. કર્યા બે પ્રકારે નામ કર્મ ક્ષય કર્યા બે પ્રકારે ગોત્ર કર્મ ક્ષય કર્યા પાંચ પ્રકારે અંતરાય કર્મક્ષય કર્યા એહવા એકત્રીસ ગુણેકરી સહીત આઠ કર્મ રહીત મુક્તિ સીલામાં બીરાજમાન છે જીહા જન્મ નહિ જરા નહિ મરણ નહિ રોગ નહિ સોગ નહિ ભુખ નહિ તરષા નહી ટાઢ નહિ તાપ નહિ કાયા નહિ કર્મ નહી સંજોગ નહિ વિજોગ નહિ એહવા અનંતા અનંતા સિદ્ધ ભગવંતજી અનંતા આત્મીક અવ્યાબાધ સુખનિ લેહેરમાં બીરાજમાન છે તેમને મારી વંદણા ગ્નાન દ્રસન સંબંધિ અવીનંય અસાતના થઇ હોય તો ભુજોભુજો કરીને ખમાવુંછું તિખુતો જાવ. પુજવા સામિ.

वंदणा त्रीजी

નમો કેહેતા નમસકાર કરૂંછું આયરિયાણું કેહેતા આચારજજી માહારાજને તે આચારજજી મહારાજ કેહવાંછે છત્રીસગુણે કરી બીરાજમાન છે તે છત્રીસ ગુણ કિયા તેહના નામ પંચમાહાવ્રતના પાલણહાર ॥ ૫ ॥ પાંચ ઈંદ્રિના વસકરણહાર ॥ ૧૦ ॥ ચાર કખાયના ટાલણહાર ॥ ૧૪ ॥ નવવાડ વિસુધ બ્રહ્મચર્યના પાલણહાર ૨૩ પાંચ આચારના પાલણહાર ॥ ૨૮ ॥ પાંચ સુમતે સુમતાં ॥ ૩૩ ॥ ત્રણ ગુપતે ગુપ્તતા ॥ ૩૬ ॥ એહવા છત્રીસ ગુણે કરી બીરાજમાન છે સંસારમાહિ તારણીના વાસમાન છે વ્રષભની પેરેધોરી છે સચેતના ત્યાગી અચેતના ભોગી કંચન કામનીના ત્યાગી માહાવૈરાગી એહવા આચારજજી માહારાજ પ્રતે માહરી વંદણા હોજો તિખુતો જાવ પુજવા સામિ ॥

वंदणा चोथी ॥

નમો કેહેતા નમસકાર કરૂછુ ઉવઝાયાણું કેહેતા ઉપાધ્યાજી ઉપાધ્યિાજી કેહેવા છે પચીસ ગુણે કરી બીરાજમાન છે પચીસ ગુણ તે કીયા અગીઆર અંગ બાર ઉપાંગ પોતે ભણે અનેરાને ભણાવે હવે અગીયાર અંગના નામ કેહે છે પેહેલુ આચારંગજી બીજુ સુગડાયંગજી ત્રીજુ ઠાણાયંગજી ચોથુ સમવાયંગજી પાંચમુ ભગવતીજી છઠું જ્ઞાતાજી, સાતમુ ઉપાસંગજી આઠમુ અંતરગડજી નવમુ અનુતર ઉવવાઇ દસમુ પ્રસનવ્યાકરણુ અગીયારમુ વિપાકજી એ અગીયાર અંગના નામ કહા હવે બાર ઉપાંગના નામ કેહે છે ૧ ઉવવાઇજી ૨ રાય પ્રસંણી ૩ જીવાભીગમ ૪ પન્નવણાજી ૫ જંબુ દી-

પનંતી ૬ ચંદપનંતી ૭ સુર્યપનંતી ૮ નિરાવલીકા ૯ કપીયા ૧૦ પુફીયા ૧૧ પુફચુલીયા ૧૨ વિન્હીદસીયા એ બાર ઉપાંગના નામ કહ્યા હવે ચાર મુળ સુત્રના નામ કેહે છે ૧ ઉતરાધ્યેન ૨ નંદી ૩ અનુયોગ ૪ દસવીકાલક એ ચાર મુળના નામ કહ્યા હવે ચાર છેદ ૧ દસાશ્રુતખંડ ૨ બ્રહદકલ્પ ૩ બ્યવહાર ૪ નસિથ તથા બત્રીસમો આવસગ એ બત્રીસ સુત્ર પોતે ભણે અનેરાને ભણાવે સાચા સુત્ર અર્થે પાઠ વાચણીના આપણ હારછે મીથ્યાત્વ રૂપી અંધકારના દુર કરણહારછે જ્ઞાનરૂપી અજવાળાના કરણહાર છે સમકીત રૂપી બોધ બીજના દાતાર છે એ હવા ઉપાધીયાજી માહારાજ પ્રતે માહરી વંદણા હોજો તિખુતો જાવ પુજવાસામિ ॥

पांचमी वंदणा.

નમો કેહેતા નમસ્કાર કરૂંછું લોએ કેહેતા અઢીદીપલોકને વિષે સવ સાહુણં કેહેતા સર્વ સાધુજી તે સાધુજી કેહવા છે સતાવીસ ગુણે કરી બીરાજમાન છે, સતાવીસ ગુણતેકીયા પંચ માહા વ્રતના પાળણહાર છે પાંચ ઇંદ્રી વસના કરણહાર છે ॥ ૧૦ ॥ ચાર કષાયના ટાલણહાર છે કોવીજે ॥ ૧૧ ॥ માનવીજે ॥ ૧૨ ॥ માયાવીજે ॥ ૧૩ ॥ લોભવીજે ॥ ૧૪ ॥ ભાવસચ્ચે ॥ ૧૫ ॥ કરણસચ્ચે ॥ ૧૬ ॥ જોગસચ્ચે ॥ ૧૭ ॥ ખેમાવંત ॥ ૧૮ ॥ વૈરાગવંત ॥ ૧૯ ॥ મનસમ ધારણયા ॥ ૨૦ ॥ વયસમ ધારણયા ॥ ૨૧ ॥ કાયસમ ધારણયા ॥ ૨૨ ॥ નાણસંપન્ને ॥ ૨૩ ॥ દંસણસંપન્ને ॥ ૨૪ ॥ ચારીત્રસંપને ॥ ૨૫ ॥ વેદની અહીયા સિયા ॥ ૨૬ ॥ મરણંતી અહીયા સિયા ॥ ૨૭ ॥ એહવા સતાવીસ ગુ-

ણેકરી સહીત તીનજ્ઞાન દર્શન ચારીત્ર તપના આરાધનહાર છે બારેભેદે તપસાના કરણહાર છે સતરેભેદે સંજમના પાળનાર છે અઢાર દોષરહીત બાવીસ પરીસાના જીતણહાર છે બેતાલીસ તથા છંન્નું દોષટાલી સુજતા આહાર પાણીના લેનાર છે જગન બે હજાર ક્રોડ સાધુ ઊતકૃષ્ટા નવહજાર ક્રોડ સાધુ અઢીદીપ પંદર ક્ષેત્રને વીષે ભગવંતની આજ્ઞા સહીત જે વીચરતા હોય તેમને મારી વંદણા સમે સમેહજો તિખુતો જાવ પુજવાસામિ.

वंदणा ૭રી.

નમોધમ્મઆયરિયાણં નમો કહેતા નમસ્કાર કરૂછું ધમ્મઆયરિયાણં કહેતા પોતાના ધર્મ આચારજજી પ્રત્યે તે ધર્મ ગુરૂ કેહવા છે અનાદિ કાલનો જીવ મોહ મિથ્યાત્વ નીદ્રા માહે સુતો હતો ધર્મ અધર્મ કર્મ અકર્મ કાંઇ જાણતો નહોતો તે ધર્મ અનુકંપા આણીને જીનેશ્વરજીનો માર્ગ બતાવ્યો બોધબીજ સમકિત રેત્નની સુદ્ધસર્ધા બતાવી નિશ્ચે દેવ તે આપણો આત્મા, ગુરૂ તે જ્ઞાનધર્મ સર્ધાચારિત્ર, વવ્યહાર દેવ તે અરિહંત અઢાર દોષ રહિત ગુરૂનિગ્રંથ આરંભ પરિગ્રહ રહિત ધર્મ કેવળી પરૂપ્યોદયામય એતીન તત્વ સુદ્ધ ધરાયા અનંત જન્મ મરણના મિટાવણહાર, નિરજામકસમાન, માથાના મુગટ સમાન, આંખની કીકી સમાન, અનંતા કાલનો જીવ અંધો હતો તે સુદ્ધ જ્ઞાનરૂપ અંજન આંજીને દેખતો કર્યો; ધર્મ અધર્મનો સ્વરૂપ માલમ પડયો, તે શ્રી ગુરૂદેવજી માહારાજનો ઊપગાર છે એહવા અનેક ગુણેકરી બીરાજમાન છે પુજજીસાહેબજી શ્રીશ્રીશ્રી., (આ જગ્યાએ પોતાના ધર્મગુરૂના નામ કહેવા. આદેઠાણા ગામ નગરે પુરે પાટણે વીચરતા હોય તેમને માહરો નમ-

સ્કાર હોજો હુથી તુમથી દાને સીયલે તપે ગુણેકરી અધિક છે એ વખત આવસ્યક પડીકમણાના કરણહાર છે મહીનામાછછો પોસાના કરણહાર છે, નવ તત્વના જાણ છે, ત્રણ મનોરથ ચિંતવનાર છે, શ્રાવક એકવીસ ગુણેકરી સહીત છે દુબળા પાતળા જીવની દયાના પાળનાર છે, પરધંન પથ્થર કરી જાણેછે પર સ્ત્રી મા બેહેન કરી લેખવે છે દઢધર્મી પ્રીયધર્મી ડગાવ્યા ડગે નહી કોઇના ચલાવ્યા ચલે નહી એહવા શ્રાવકજીને ભજો ભજો કરીને ક્ષમાવુંછું, સાધુ સાધવીને વાંદુછું, શ્રાવક શ્રાવિકાને ખમાવુંછું સમકિત દ્રષ્ટી જીવને ખમાવુંછું, ઊપકારિ બાઇ ભાઇને ખમાવુંછું, ચોરાસી લક્ષ જીવાજોનિના જીવને ખમાવુંછુ, સાત લાખ પ્રથ્વી કાય, સાત લાખ અપકાય, સાતલાખ તેઊકાય, સાતલાખ વાઊકાય, દસલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચઊદલાખ સાધારણ વનસ્પતિકાય બેલાખ બેઇંદ્રિ બેલાખ તેઇંદ્રિ, બેલાખ ચઊરંદ્રિ, ચારલાખ નારકી ચારલાખ તિર્યંચપંચેદ્રિય, ચારલાખ દેવતા ચઊદલાખ મનુષ્ય એ ચોરાશીલાખ જીવા જોનિના જીવની વીરાધના થઇ હોય તો તસ્સમિછામિદુક્કડં ॥ એક ક્રોડ સાઢીસતાણુલાખ કુલ ક્રોડના જીવને હાલતા ચાલતા ઊઠતા બેસતા જાણુતા અજાણુતા છેધા હોય ભેધા હોય ભેદતા પ્રત્યે અનુમોધા હોય તો તસ્સ ॥ ઈહાં પાંચમા આવસ્યકનિ આજ્ઞા માગવી દેવસી પ્રાયછિત વિસુધનાર્થ કરેમિકાઊસગ્ગં નમો અરિહંતાણું જાવ નમોલોએ સવ્વસાહુણુ, કરેમિભંતે સામાઇયં જાવ અપ્પાણું વોસરામિ. ઇછામિ ઠામિકાઉસગ્ગં જાવજંખંડિયં જંવિરાહિયં તસ્સામિછામિદુક્કડં તસ્સઊતરીકરણેણું જાવ અપ્પાણું વોસિરામિ ઇહા લોગસ્સ ચારનો કાઊસગ્ગ નિત્ય પ્રતે કરવો પખી પડીક્કમણે લોગસ્સ બારનો કાઊસગ્ગ કરવો ચઉમાસિ પડિકમણે લોગસ્સ વિસનો કાઉસગ્ગ કરવો સંવછરિ પડિક્કમણે લોગસ્સ ચાલીસનો કાઉસગ્ગ કરવો સર્વ કાઉસ-

ગમા અંતે એક નમોક્કાર કેહેવો. કાઉસગ્ગ પાળીને લોગસ્સઊજ્જો અગરે જાવ સિધાસિદ્ધં મમ દીસંતુ એ ઇછાગિ ખમાસમણો કેહેવા એ પાંચ આવસ્યક પુરા થયા છઠું પચ્ચખાણુ આવસ્યકં ॥ ૬ ॥ સામાયક ॥ ૧ ॥ ચઉવીસંથ્થો ॥ ૨ ॥ વંદણા ॥ ૩ ॥ પડિક્કમણો ॥ ૪ ॥ કાઉસગ્ગ ॥ ૫ ॥ પચ્ચખાણુ ॥ ૬ ॥ એ છએ આવસ્યક પુરા થયા તેને વીષે ગાથાપદ અક્ષર કાનો માત્ર મીડુ હ્રસ્વ દીર્ઘ ઓછું અધિક વિપરિત કેહેવાણુ હોય તો મારે મીછામિદુક્કડં. મિથ્યાત્વનુ પ્રતિક્રમણુ અવ્રતનુ પ્રતિક્રમણુ પ્રમાદનુપ્રતિક્રમણુ કષાયનુ પ્રતિક્રમણુ અસુભજોગનું પ્રતિક્રમણુ એ પાચ પ્રતિક્રમણુ સમિરિતે પડિક્મ્યાન હોય તો તસ્સમિછામિદુક્કડં. ગયા કાળનુ પ્રતિક્રમણુ વર્તમાન કાળનો સંવર આવતા કાળના પચ્ચખાણુ મહામંગળ થયથુઈમંગળ ઇહા ત્રણ નમોથુણું કેહેવા. ॥

पच्चखाणविधि.

નમોક્કારસિયં ચઉવીહં પિઆહારં પચ્ચખામિ અસણું પાણું ખાઇમં સાઇમં અન્નથ્થાણા ભોગેણું સહ સાગારેણું વોસિરામિ ૧ એકલઠાણા ઉપરાંત દુવિહં પિઆહારં પચ્ચખામિ અસણું ખાઇમં અન્નથ્થાણા ભોગેણું સહસાગરેણું વોસિરામિ ૨ આયંબિલવિહં પચ્ચખામિ તિવિહં પિઆહારં અસણું ખાઈમં સાઇમં અન્નથ્થાણા ભોગેણું સહસાગરણું લેવાલેવેણું ગિહથસંસઠેણું ઉખિતવિવેગેણું સવ્વસમાહિ વતિયાગારેણું વોસિરામિ ॥ ૩ ॥ હવે ઇહા પંચ પ્રતિક્રમણનિવિધિ દેવસિ ૧ ॥ રાઈસ ॥ ૨ ॥ પંખી ॥ ૩ ॥ ચઉમાસિ ॥ ૪ ॥ સંવત્સરિ ॥ ૫ ॥ એ પાંચ પ્રતિક્રમણુ કરવા સાખ્ય સુત્ર

જ્ઞાતાજી અધિન પાંચમે કહ્યું છે સંખ્યા હોય તો દેખીલેજો હવે રાત્રી પ્રતિક્રમણ કરતા જ્યાં દેવસિનો શબ્દ હોય. તિહાં. રાયસિશબ્દ કેહેવો પાખી પ્રતિક્રમણમાં દેવસિને ઠેકાણે પંખી પ્રતિક્રમણ કેહેવું તથા કારતક ચઉમાસિ તથા ફાગણ ચઉમાસિ તથા અસાડ ચઉમાસ તથા સંવત્સરિ દેવસિને ઠેકાણે એ પૂર્વક ચારનામ કેહેવા હવે દેવ-સિ તથા રાયસિ પ્રતિક્રમણમાં ચાર લોગસ્સનોકાઉસગ્ગ કરવો પં-ખિનો બાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો ત્રણ ચઉમાસિનો વિસલોગ-સ્સનો કાઉસગ્ગ કરવો. તથા સંવત્સરિનો ચાલીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો તથા કારતક ચેઉમાસિ તથા ફાગણ ચઉમાસિ તથા અસાડ ચઉમાસિ તથા સંવત્સરિ એ દીવસે પ્રથમ દેવસિ પ્રતિક્રમણ કેહેવું પછી ચઉમાસિ. તથા સંવત્સરિ પ્રતિક્રમણ કેહેવું.

ઈતિ પ્રતિક્રમણ સૂત્રં

સમાપ્ત.

श्री चोविस तिर्थंकरनी स्तुति.

શ્રી કૃષ્ણકે દરસન કરનેકું, આયે સદાસિવ ગોકુલમે (એ રાગ.)

સમર સમરમજિન રાજ સુમન જન.
ચોવિસે મંગળ કરણા;
શ્રી આદિશ્વર વંદે સુરિશ્વર,
અજીત નાથ ભવ ભય હરણા. સમર૦ ૧
સંભવ સકળ શિષ્ટ કે ત્રાતા,
ધ્યાતા ધ્યાન ગ્રહું સરણા;
અભિનંદન વંદન નિત કિજે,
ભવસિંધુ સુતર તરણા. સમર. ૨
સુમતિ નામથી સુમતિપ્રકાસે,
જાસે દુર જરા મરણા;
અજર, અમર, સુખ ધામ વિભાસે.
પદ્મ કદ્મકુ શિર ધરણા સમર ૩
સુપાસ આસ સબ પુરે;
ચુરે પાપ સત ભય જરણા,
ઇંદ્ર નરિંદ્ર દિનેદ્રવ પાંનત,
ચંદ્ર વંદ ભવજલ તરણા. સમર. ૪
સુવિધ્રનાથ અનાથ કે નાથા,
ગાથા ગાય કરૂં વરણા;
શ્રી સિતલ જિન વંદુમેં નિશદિન,
વિન સ્વાર્થ શું સંપત્ત ભરણા. સમર૦ ૫

શ્રીયાંસ અંસ સબ ગ્નાન મયી હે,
નહી જિહાં જમકે ડરણાં;
લાસ પુજય દા દસમે જિનવર,
સમરત પાપ પરે ખિરણા. સમર૦ ૬
વિમળ અમળ સુખ ઠામ વિરાજે.
ભાજે દુઃખ ચિહુ ગતિ હરણા;
દરસન ગ્નાન અનંત ભયે હે,
અંનંત નાથ અંતર ધરણા. સમર૦ ૭
ધર્મ જિનેશ્વર ધર્મ કે દિવા,
જિધા જિવકી કર નીરણાં,
શાંતિ સુધારસ છાંટ ભઈ તબ.
મરી માર થર હર હરણા. સમર૦ ૮
કુંથું નાથ કરૂણા દિલ ઐસી.
કીડી કુંજર સમ ગણના;
અરૈ અરી દલ જીત હઠાયે,
ફેર નહિં કીસીસે લડણા. સમર૦ ૯
મલ્લ મહંત નમંત મુનિશ્વર,
ષટ રાજય છાંડી છલણા;
શ્રી મુનિ સુવ્રત સુવ્રત જાકે, ,,
ટાલતહેં ચિહુ ગતિ દુખ હરણા. સમર૦ ૧૦
નમુ નમી જિન છિનમેં જીતે.
કામ બાંણુ વિષ્યા ઝરણા;

જાદવ રાજ્ય તજી પ્રભૂ નેમી,
જૃમ્ભક જાય સિવ વધુ પરણા. સમર૦ ૧૧
વરણ સૂવર્ણ નીલતનું પારસ,
નિરખ્યા નયન યુગલ ઠરણાં;
શ્રી મહા વીરજી અરદાસ હેં મેરી;
ભવ સમુદ્ર તે ઉધરણા. સમર૦ ૧૨
પંચમ કાલ ધુકાલ નાથજી,
ભક્ત સહાઇ ચિત્ત ધરણા;
સુગુરૂ પ્રસાદે રામ નગરમેં,
વિનય ચંદ્ર વંદે ચરણા. સમર૦ ૧૩

કલસ.

જય જય જિન ચોવિસ રાગ અરૂદોસ નિવારે,
જય જય જિન ચોવિસ દાસકે કારજ સારે,
જય જય જિન ચોવિસ ઈસ ત્રિહું લોક વિખ્યાત,
જય જય નિજ ચોવિસ કાય ખટહીકે ત્રાતા.
કરૂં પ્રણામ પંચાંગ સુદ્ધ,
મો પર મહિર કરીજીયે;
હવિહડ આસ તુમારી,
દુઃખ દારિદ્ર હરી જિયે. ૧૪

લખુજી સ્વામીજીની ઢાલો.

दुहाः राग सोरठीः

પ્રણમું સરસ્વતી માય, અરજ કરૂ કર જોડકે;
પુરો વંછિત આય, મુજ મનમાં આસા ઘણી. ૧
કરણુ કવિતા સોય, હલવા કરમી જીવનાં;
મનમાં હરખજ હોય, ગુણ ગાતાં મુની સંતના. ૨
ગુણીજંન કેરા ગુણ, કરતાં ઉતમતા થઈ;
પાપ તીમરે સવી જાય, સદ બુદ્ધિ આવી સહી. ૩
સદા સુંગંધિ વાસ, લેતા જીવ થાકે નહી;
ગુણ ગાવા મુજ આસ, અતી ઉમંગ હઇડે લહી. ૪
વીરે ભાંખીત વાત, સુત્ર સીદ્ધાંતે પાંસરી;
એકા અવતારી જીવ, કહ્યાં શ્રી પરમેશ્વરી. ૫
પંચમાં આરા માંય, ઉતંમ પુરસજ ઉપનાં;
ઉભય કુલ વીસુધ, એ છીપથી મોતી નીપનાં. ૬
નાંમ ઠાંમ ને કુલ, વરણવું હું વેગે કરી;
સાંભળજો ચીત લાય, જેથી જીવ આતંમ ઠરે. ૭
નિંદા ઈરખા ટાલ, ગુણીજંનના ગુણ ગાવતાં;
રૂડો ધર્મ સંભાલ, ઉજવલ ધર્મજ ધાવતાં. ૮

ढाल पहेली.

माताजी मारू देवारे भरथजीने एम कहेः एदेसीः

શ્રી વટામણ ગામ ઠામ તસ જાણીયે,

ભાવસાર કરસનદાસ ગોપાળ કહેવાયજો;
તેહના પુત્રરે અતી ઉતંમ થયા,
નામ ઠવીયો શ્રીલલુભાઈતાસજો. શ્રી વટામણ. ૧ એ આંકણી.
માતાજી ઉતમરે અતી તેના કીયા,
નાંમે બાઈનું કસલી બાછે નામજો;
તસ કુખે લલુભાઇ આવી ઉપન્યા,
લીયો અવતાર રૂધી તણો જ્યાં ઠામજો. શ્રી વટામણ. ૨

राग छप्पा.

લીયો અવતાર જાણ, વાણ સહુ લોકે વાઈ;
ભેગા થઇ નર નાર, વેગે ચાલી તાં વધાઇ;
ઘર ઘર ગોરડિ આય, કંકુનાહાથા દેવાઈ;
સજી સોલ સણગાર, નાર ત્યાં ધવલજ ગાઈ;
ગાઇ વાઈ દિલ રિઝવે, દિયે દાંન દીલ હરખથી;
સામ પસાયે મુની નાન કેહે, લિયા ગુણ મેં હરખથી. ૧
ગુરૂ વાંદા પોસાય, દાંન બહુ અઢલક દીધો;
જીવ દયા વ્રત માંય, વાવરિ લાવજ લીધો;
સ્વજન કુટંબ પ્રીય માંય, સ્નેહ રૂપી પ્યાલોજ પીધો;
કુટંબ કબીલા માંય, ગુણ વીસ્તારોજ લીધો;
આવી સંરવે ભેગાં થયા, કુટબ મનમાં હરખીયા;
મુંની નાંન કહે સત જાણજો, પુરવ પુન પરગટ થયા. ૨

ઢાલ પુરાની·

અવતરિયા સુંદર કાયા છે જેહેની,
નવ પલવ સુભ મનોહર દીસે તેહજો;
સહુ દેખી નર નારી મગન થયા છે મનસું,
સહું કહે ધંન ધંન સુદીર તસ દેહજો., શ્રી વટામણ. ૩
પય અમૃત કરીને લલુભાઇ વાધીયા,
ભર જુવાંની આવી વદને સુખ માંયજો;
ભણી ગણી પંડીત થયા મન ભાવતાં,
ચાવતાં બીડી પાંન તણી તે ત્યાંયજો. શ્રી વટામણ ૪
બાર વરસની ઉમર મધ્યેં પરણીયા,
સુખ સંસારે ભોગવે ભોગ વીલાસજો;
ખમા ખમા સઉ જન મનમાં દીલથી કરે,
જુવો જુવો આપુન્ય તણી વડીપાલજો. શ્રી વટામણ. ૫
ફરીને બીજી સ્ત્રી ભાઇ પરણીયા,
વરતેજનાં ભાવસારની પુત્રી રસાલજો;
બાઈ નાથી તસ નામછે બાઇનો રૂપડો,
ભોગવે સુખ તસ સાથે જાણે મહીપાલજો. શ્રી વટામણ. ૬
સંવત ઓગણીસ સાડતીસની સાલમાં,
ઉપનો દુખ સરીર ઘણો વીકરાલજો;
પીત પાંડું રોગે કરી આતમ ઘેરીયો,
ઘણા ગભરાણાં વ્યાકુલ થયા લલુ બાલજો. શ્રી વટામણ. ૭

તવ અભીગરો મન દીલમાંહી ધારીયો,
રોગ મીટે તવ થાવું મારે મુની જંનજો;
એમ કરતાં સરીરથી રોગ વહીગયો,
ઘણા હરખ્યા લલુભાઈ દીલથી મંનજો. શ્રી વટામણ. ૮
તપ જપ ધ્યાન સંજમ હઇડે વસો.
ગમે નહી અસંજમ અસત લગારજો.
ધર્મ ધ્યાંનની વાત સદા હઇડે વસી.
ન ગમે નીંદા ચુંગલીકે કુનારજો. ' શ્રી. વટામણ ૯
આખલ વાતું મીઠીછે સાકર સમી,
કે' સું તે તમે સાંભલજો ધરી કાનજો, "
ભવી જીવછે ઉતંમ તે અતી નીરમલા,
તસ દીઠે થાવેછે ભવી કલાણજો. શ્રી વટામણ..૧૦
સંવત ૧૯૪૨ ની સાલમાં,
આસા વાડી સાલ અહીયાં કેહવાયજો.
શ્રાવણ સુદની પડવે મંગલવાર છે,
નાંન મુની તો કહે દીલને ચાયજો. શ્રી વટામણ. ૧૧

ઢાલ બીજી (૨)

हुवे कुंवर एसोरे मंन चिंतवे. एदेसी.

હવે લલુભાઇ દીલમંન જાણીયું.
ઇહાં રહાં નમલે મુજ આચારે
સુરત સેહેર મુજ ગુરૂ વસે,

મુજ ઇષ્ટ ગુરૂછે ગુંણવંતારે હવે લલુભાઈ દીલમન જાણીયું
સગાં સંબંધીનું બાનું લઇ. ૧
નીકલીયાં વટામણથી તાંમારે.
સાયલે આવીને ઉતર્યા,
દીન બે ચાર રહ્યાં તેણે ઠાંમરે. હવે લલુભાઇ. ૨
ત્યાંથી વલી ભાઈ ચાલીયા.
શ્રી વઢવાણ કાંપ મોઝારોજી.
આગગાડી પર બેસી ફરી.
ઉતર્યા સુરતપુર નીરધારોજી. હવે લલુભાઇ. ૩
ધર્મ ગુરૂ ધર્મ આતમા.
હરખચંદજી ગુરૂ ગુણવંતાજી.
આવીને વાંદા તે પ્રેમસું
વખાંણ મુનીનાં સુણંતાંજી. હવે લલુભાઈ. ૪
ચેતો ચેતોરે તુંમે મારા આતમા.
અળેખે જાયછે જનમારોજી.
જનમ મરણે કરી જીવ ફરસીયો.
ઠાંમ લક્ષ ચોરાસી વારંવારોજી. હવે લલુભાઇ. ૫
નીગોદ વાસમાં પ્રાણીયો,
ભમીયો અંનંતો કાલોજી;
વેદના જીનવર વીરે કહી.
નરક ઉપમા વીકરાલોજી. હવે લલુભાઈ. ૬
સુત્ર આચારંગમાં કહ્યો.

પંચ થાવરનો અધિકારોજી.
મુગા પુરૂષ કેરી ઉપમા.
એવું પંચ કાયનું દુખ ધારોજી. હવે લલુભાઈ. ૭
નર્ગ ત્રીર્જંચ મનુષ્ય દેવતા.
વારંવાર અવતાર કીધાજી.
ચતુર ભવે અવતાર આલહી.
એમ કરમે સહુને દંડ દીધાજી. હવે લલુભાઈ. ૮
બુઝો બુઝોરે ભવી આતમા.
કરણી કરીને જીવ તારોજી,
પાપ અઢાર દુર વારીને.
વલી વીસય આનીને વારોજી. હવે લલુભાઈ. ૯
અનરથા દંડે આતમા.
દંડાણો અનંતી વારોજી.
સાત વસન તે દુરે કરી.
ભવો ભવ આતમને અવી ધારોજી હવે લલુભાઈ. ૧૦
બોધ અતીરે મુનીયે દીધો.
સમજુ જીવે લીધો ધારીજી.
અંતર સંજમ દીલ વસો.
વીસય કખાય દુરનીવારોજી. હવે લલુભાઈ. ૧૧
વલી આગલ વાત રસાલછે.
સુણવા જેવી અતી ઘણી સારીજી.
સાંમ મુનીના પસાયથી.

કહે નાંનમુની અણગારોજી. હવે લલુભાઇ. ૧૨

ઢાલ ત્રીજી.

जीवेहो जींवे विरो वालहोरे· ए देसी·

ઇમજરે ઇમ લલુભાઈ સાંભલીરે.
જ્ઞાન તણો ઉપદેસરે. (૨)
આતમરે આતમ રહે વૈરાગમાંરે.
અવરન કાંમ લવ લેસરે. ઇમજરે ઇમ લલુભાઇ
સાંભલીરે. એ આંકણી ૧
માતારે માતા કસલીબાઇ સાંભલીરે.
ત્રાસ પડયો મન માંહરે. (૨)
હાંવછરે હાંવછ એતો સુકીગોરે.
કીયો વજર ધંન ઘાવરે. ઇમજરે. ૨
મુરછારે મુરછા ખાઇ ધરણી ઢલ્યારે
કરે વીલાપ અપારરે; (૨)
પુત્રજરે પુત્ર મેલી મુજ કેમ ગયારે.
અહો મુજ પ્રાણ આધારરે. ઈમજરે. ૩
તુજ વીણુરે તુજવીણુ કેમ રહી સકુરે.
પ્રાણ પલકમાં જાયરે. (૨)
દુખણીરે દુખણીને તું એકછેરે;
તે દુખ કેમ ખમાયરે. ઇમજરે. ૪.
ઈમિજરે માય રડે રૂવે કલેકલેરે,

મલી કુટંબ પરીવારરે; (૨)
ધીરજરે માંય હૈયે તું ન રાખીયેરે.
તેડણું ચાલ્યા ધરી પ્યારરે. ઇમજરે. ૫

માતારે માતા તેડણુ ચાલીયારે,
શ્રી સુરત ગાંમરે. (૨)
સંકરરે સંકર ને સાથે લઇરે;
માતા સુરત પોત્યાં તાંયરે. ઇમજરે. ૬
જઇનેરે જઇને તવ ત્યાં ઉતર્યારે.
શેઠ તેણે ઘેર સારરે, (૨)
પાંચજરે પાંચ દીવસ રહ્યાં શેહેરમાંરે;
કરી કરી વૃષ્ટી અપારરે. ઇમજરે. ૭
મુનીજનરે મુનીજનરે એમ વાયદો દઇરે,
વરસ દોય પછી વાતરે; (૨)
વૈરાગરે વૈરાગ ઉપજે જો તુજનેરે,
રોકે નહી તુજ માતરે. ઇમજરે. ૮
ઇમ કરીરે ઇમ કરી ભોલવી લાવીયારે.
શ્રી વટામણ માંયરે. (૨)
ખાવેરે ખાય પીયેને સુખ ભોગવેરે,
કરે આનંદ ઉલાસરે; ઈમજરે. ૯
રોકડરે રોકડ નાણું અતી ઘણુંરે,
મેડી મહોલનો અવાસરે. (૨)
સુંદરરે સુંદર ઘરાંણાં ઘાટછેરે,

વલી ભોમી તણો ઘણો ગરાસરે. ઈમજરે. ૧૦
આગલરે આગલ વાત રસાલછેરે,
સાંભલજો ધરી ધાનરે; (૨)
સાંમજરે સામ મુનીના પસાયથીરે,
મુની નાન કહેછે વખાણુરે. ૪મજરે. ૧૧

ઢાલ ચોથી (૪)

माहा कोप थयोछे कलीकालमां जा· एदेशी·

ભાવમુની રહ્યા છે સંસારમાં જો,
જેનો ભાવ નહી નારી કેરા પ્યારમાં જો;
જુવો જુવોરે ભવીજન અચંરજ વારતાને જો,
ધનધન એવું જે જ્ઞાન ધારંતા ને જો. જુવો જુવોરે. ૧
જ્ઞાન સાચો પકડેયો છે જીનંરાજનો જો,
જનમ મરણ મીટાવણ કાજનો જો. જુવો.
નિત સામાયક પડીકમણું કરે જો,
જેહથી જીવ સંસાર મધેથી તરે જો. જુવો જુવોરે. ૧
દાન પુને સમકીત ગુણે આગલાને જો,
પુંનકરણી સાથે મન લાગીયાજો. જુવો
વીરની વાણી સુણેછે નીત આતમા જો,
વલી સમરે ભગવાન જીન સાતમાને જો. જુવો જુવોરે. ૩
દીયે દાંન મુંની સાધુ સંતને જો,
વેલા ઉઠી સમરે શ્રી ભગવાનને જો. .જુવો.

મંન ધ્છે ચારીત્ર મંન ધ્છ્યાંને જો,
મેલુ પાપ આ ક્યારે કરમ કીચનાં જો. જુવો જુવોરે. ૪
ગુણે પુરા લલુભાઇ ગુણે સુર છે જો,
નીંદા ચુગલીથી ઘણા દુર છે જો. જુવો.
નીંદા સરખો પાપ ના બીજો ભાખીયો જો,
એવું વીરે સુત્ર મધે દાખીયો જો. જુવે જુવોરે. ૫
એવું જાણી લલુભાઈ પાપ પરીહરે જો,
તીરથ ચારેનાં વખાણુ તે જીભે કરે જો. જુવો.
ગુરૂ હરખચંદજીને ધાંગધ્રે સાંભલી જો,
પોતે ચાલ્યા આનંદ હરખે વળી જો. જુવો જુવોરે. ૬
ભાવ મુની ધાંગધ્રે આવીયાને જો,
સાથે દેવકરણને બુજવી લાવીયા ને જો. જુવો.
ગુરૂનું દરસન દેખીને દીલ ઊલસું જો,
સહુને અતીસે હરખ મનમાં વસો જો. જુવો જુવોરે. ૭
હરખનાં આંસું છુટાંરે સહુના નેણસું જો,
સાંભળી રીઝા ગુરૂજીનાં વેણસુ જો. જુવો.
હાથ જોડી ઊઠીને વંદણા કરે જો,
લલુભાઇ વીનતી ઉઠી એમ ઊચરે જો. જુવો જુવોરે. ૮
ગુરૂજી સંજમ લેવા મુજ દીલ વસ્યું જો,
જેથી અંતરાય કમ દુરે ખશે જો. જુવો.
ગુરૂજી કહે આગ્ના વીના મુંડું નહીં જો,
લોકે બોલે તો અગ્નાની બુડો સહી જો. જુવો જુવોરે. ૯

હાથ જોડી લલુભાઈ એમ બોલીયા જો,
મુનીજન આગળ તે પડદા ખોલીયા જો. જુવો.
સ્વામી વટામણ પધારો કુરણા કરી જો,
આગ્ના લઇ તુમ આણા મુસ્તક ધરૂ જો. જુવો જુવોરે. ૧૦
વીનતી કરીને લલુભાઇ આવીયાને જો,
માતું સ્વજન કુટુંબને બહુ ભાવીયાને જો. જુવો.
દીન ચાર તથા વળી પાંચમાં જો,
મુની આવ્યા ઘણે વેગથી સાંમનાજો. જુવો જુવોરે. ૧૧
મુની કલ્પી રહ્યા ત્યાં એક માસને જો,
વીરની વાણીં કહેછે સુભ ભાસને જો. જુવો.
મુરત જોયાં દીક્ષા તણો પાંસરો જો,
સંજમ વરતવા તણો એ આસરો જો. જુવો જુવોરે. ૨૧
સંવત ૧૯૪૦ ની સાલમાં જો,
જેઠવદી ત્રીજ મંગલવારમાં જો. જુવો.
અભી ચીત નક્ષેત્ર ને બારે બજે જો
મુની નાન કહે વેલા સંજમને ભજે જો. જુવો જુવોરે. ૧૩

ढाल पांचमी. (५)

ललित छंदनी देसी.

પરમવાયકો કાનમાં સુણી, વટામણમાં દીલગીરી ઘણી;
થરર ધુજતાં મંન તે ઘણાં, અરર ભાઇરે કારણો બન્યા. ૧
ખરર વાત તો ખીણમાં ગઈ, દડડ દોડતી દેસમાં ગઇ;

ભણુણુ ભયંકાર શ્રવણે સુંણી, ક્ષાઈકસલીને દીલગીરી ઘણી. ૨
અરર હાયરે હાય દીકરા, વજર સરીખા બોલ શું કહ્યાં.
શુદ્ધ બુદ્ધ તો માય ભુલીયાં, મુરછા આવીને ધરણી ઢળ્યા. ૩
માતા રોવતાં બોલીયાં મુખે, અરર પુત્રજી હું રહીસસે સુખે;
એવા બોલડા નોતાં કેવા મુને, પાળી પોસીને મોટો કીયો તુંને. ૪
આસા માહરે સુખની હતી, અરર હાયરે દુખ દીયો અતી;
પુત્ર પ્યારાજી મુખ તાહરો, દેખી ત્રપતો જીવ માહરો. ૫
તુંમ વિના પલક કેમ રહી શકું, સુખ મેલીને દુખ કેમ સહું;
પુત્ર તાહરો નાસ સવાનો થયો, રમાડયો પુત્રને મન માનીયો. ૬
પુત્ર પરણાવી લાવો ના લીયો, એહ દુખ મુને સાલેછે હયે;
આંખ આંસુડા માંજી તણે, સરવ સુંદરી આવીને ભણે. ૭
નારી આવીને હાથ જોડીને, કરે વીનંતી માન મોડીને;
હુરે અબળા એકલી રહી, કેમ જાયસે દીનને રઈ. ૮
ખરર કરતાં પાણી આંસુથી, હંસ જેમ થયો ખંડુપાખથી;
સ્વજનો મળી ભોળવે ઘણા, મુખ થકી લેતા ભાંમણા. ૯
ધોળકા તણા ફોજદારજી, ઘણી વીનંતી કરી વારો વારજી;
કોઠ ગાંગડ તણા કારભારીજી, ઘણી ના પાડી વારો વારજી. ૧૦
સહુ રહ્યાં રોઇ કળીકળી, આપ ધારયો કરે વળીવળી;
માતા આગળે આજ્ઞા લેઇસે, નાનમુની તે આગળ કેઈસે. ૧૧

ઢાલ ૬ઠી. (૬)

अनुमत दिधी माये रोवंता. एदेशी.

લલુભાઈ માતાજીને ઈમ કહે, સાંભળજો માતા તુમે વાણી હો.

કેના માયને બાપજી, કેના પુત્ર ભાઇ જાણુ હો. લલુભાઈ. ૧
કાળ અનંતાનો આતમા, અવતાર અલેખે કીધા હો;
જનમ જરા દુખ મરણુના, અવતાર બહુ દુખ લીધાહો. લલુભાઇ. ૨
મોહ તણે વસ આતમા, અવતાર લીયા વળી એહહો;
જ્યાં જઈ ઉપનો જીવડો, ત્યાં ક્રમ બાંધાં આ દેહહો. લલુભાઈ. ૩
માતા થઇ નીજ દીકરી, દીકરી તે સોક પ્રમાણે હો;
બાપ બેટો થઇ અવતરે, બેન બાઈડી થઇ જાણુ હો. લલુભાઈ. ૪
પશુ પક્ષી નર દેવતા, ચાર ગતી માંહી ઈમ માંનો હો;
સ્વાર્થકો જગેહ સગો, કેવલીનાં વચન પ્રમાણો હો. લલુભાઈ. ૫
રતંન ચીંતામણી દેહડી, મુરખજંન હાથથી ખોવે હો;
ગયોરે રતંન ફરી નહી સાંપડે, જેમ સેઠ પુત્ર ઘણુ રોવે હો. લલુભાઈ. ૬
માતા માટે મહારી માયડી, અનુમત દીયો હેત લાય હો;
ભવરે સંબધ ન સંભારીએ, મુજ તારીયે મોરી માય હો લલુભાઈ. ૭
માતાજીયે મંનમાં વીચારીયું, નહી રહે કદીએ સંસારહો;
શૈવંતા અનુમત દઇ, તુમે આદરો સંજમ ભારહો. લલુભાઈ. ૮
સંવત ઓગણીસ ચાલીસના જેઠ સુદ તીથી વળી ત્રીજેહો;
મુરત લઇને નીકળ્યા, ખંભાત ઉપર નજર દીજેહો. લલુભાઈ. ૯
ગામો ગામના જોવણુ ભણી, નર નારી કેરાં ઘણાં વૃંદહો;
વોલાવા ભણી એ ચાલીયા, જાણુ બેઊ ચાલ્યા લઇ આનંદ હો. લલુ. ૧૦
વોલાવી રોઈ સહુ પાછા વલ્યા, ગયા સહુ સહુને ઘેર હો;
નાનમુની કહે સત જાણુજો, લલુભાઇને થઇ લીલા લેહેર હો. લલુ. ૧૧

ઢાળ સાતમી. (૭)

मरघो बोलोरे करोधमां एदेसी. राग परजीयो.

એજણુ ખંભાત મધે આવીયા, લાગ્યા શ્રી ગુરૂને પાયરે;
સઉ ઉછરંગ આનંદમાં, સુખે સુખે તે દીન ગમાયરે.
પુનવંત પ્રાણી ઉત્તમ જીવેછે. ૧
જેઠ વદી ત્રીજ મુરત ધારીયો, દીક્ષા ઓછવનો મહી માયરે;
કંકોતરી દેશાવરે મોકલી, આવી વટામણ ત્યાંયરે. પુન ૨
માયે કંકોતરી જોઇને, છુટી આંસુ તણી ઘણી ધારરે;
અન મુકી ત્યાંથી ચાલીયાં, ચાલા પુત્ર તણે દેદારરે. પુન. ૩
આવ્યા ખંભાત માંય ગામમાં, જોઈ પુત્રને થઇ આંસુ ધારરે:
છાનાં રાખ્યાં રૂડી રીતસું, દેઈ દીલાસા રૂડા તેણી વારરે. પુનં. ૪
સાવકે વરઘોડો ખાંતસું, ચઢાવ્યો ઘણી ઘણી ખાંતરે;
વ્રણુવ કરતાં બને નહી, ગ્રંથ વધે ઘણો વીસ્તારરે. પુન. ૫
દેખણુ ઘણા મનુષ્ય આવીયાં, ફરતાં ગામ તણાં નીરધારરે;
મોટા મોછવ મહા મંગલે, આવ્યા પોળ તણે જો બારરે. પુન. ૬
રથ ઘોડાને હાથી પાલખી, મેના તણો નહી પારરે;
લાખો કરોડો નર ઊચરે, ધન ધન તુમ અવતારરે. પુન. ૭
ગુરૂ હરખચંદજીના વેગથી, શ્રાવક શ્રાવીકાનો ઠાઠરે.
માણુસ કેરા ઘણાં વ્રંદથી, ગુરૂ ચાલ્યા ત્યાંથી ઘેંઘાટરે. પુન. ૮
માતા કસલીબાંઈ આગલે, હાથ જોડી કરેછે સલાંમરે;
મુજ અવગુણ સામો જોસો નહી, મુજ આસા દીયાની ઘણી હામરે પુન. ૯

સુખને ઠેકાણે દુખ આપીયાં, તે ખમજો મારો અપરાધરે;
વધ પણે ન કરી ચાકરી, મુને સંજમ વ્રત ધારવાની હોંસરે પુન. ૧૦
વીનય વચન સુણી માયને, ચાલી આંસુ તણી ચોધારરે.
છાતી લાગી ઘણી માયે ફાટવા, સહુ નરનારી રોવે તેણે ઠામરે પુન. ૧૧
માતાજી રોતાં એમ બોલીયાં, જાવ થાજો પુત્રજી કલ્યાણરે;
આસા ફળજો પુત્ર તાહરી, ગુરૂજીના વચન ધરજો માથે આણરે પુન. ૧૨
હાથે ઝાલીને ગુરૂજીને સોંપીયા, તારો તારો ગુરૂજી એહરે;
જનમ મરણ દુખ એહથી, બીન્યો બીન્યો લલુ એહરે પુન. ૧૩
કરેમી ભંતેનો પાઠ ઉચર્યો, સહુ લોક તણી ત્યાં સાખરે;
સ્વેત વસ્ત્ર વળી પેરાવીયાં, નરનારી સહુ ધન ધન ભાંખેરે. પુન. ૧૪
માય મુનીને વળી એમ કહે, કરજો ગુરૂજી એહની સંભાલરે;
જનમ આંખેથી દુખ જાણું નથી, કહુછું તમને જોડી હાથરે, પુન. ૧૫
રેણુકંડ સમો આતમા, તે સોંપુ તુંમને ગુરૂ હાથરે. પુન ૧૬
જેમરે જાંણે તેમ રાખજો, વાલી વાલી ઘણી એ હામારે થરે;
એમરે સીખામણ માંય દેઈને, વરત લીયા સહુ સક્તી પ્રમાણરે;
ગયા સહુ ઘરે ઘરે આપણે, કરતાં એબે મોંઢે વખાણરે. પુન ૧૭
દેવકરણજીને ચેલા થાપીઆ, લલુ મુની તણાં સુભ રંગરે;
ગુરૂ સાથે મહી મંડલ વીચરે, કરતાં સાધુ મુનીના સુસંગરે. પુન ૧૮
કાલ કરોધ પડયાં પાતળાં, નહીં રાગને વળી દ્વેખરે;
નીદાં ઈરખા નહી દીલમાં, ગ્યાન સમતા તણો પ્રવેસરે. પુન ૧૯
નીંદાં કરેને કરાવશે, મારૂ તારૂ કરે નર જેહરે;

તે મુની સાધુ નવી જાણીયે, એમ ભગવતે કહ્યા સુણો તેહરે. પુન ૨૦
સવત ૧૯૪૨ની સાલમાં, શ્રી ધંધુકા મધે ચોમાસરે;
નાન મુનીએ ગુણ વરણવ્યા, મુનીલલુ તણા ઉલાસરે;
સંકરભાઇના કહ્યા થકી, જોડી કવીતા ઉતંમ ઉદારરે. પુન ૨૧

इतीढालों समाप्त.

અગાઉથી આશ્રય આપનાર સાહેબોના મૂબારક નામ.

ખંભાત.

૨૫ શ્રીજૈન ધર્મ પ્રસારકસભા.
૧૦ શા. લાલચંદ વખતચંદ.
૧૦ શા. દોલતચંદ ભાણાભાઈ.
૧૦ શા. ખીમચંદ જેઠાભાઈ.
૫ શા. ગુલાબચંદ નેમચંદ.
૨ શા. માણેકચંદ સરૂપચંદ.
૫ શા. માણેકચંદ ફતેચંદ.
૪ શા. દેવચંદ ખુશાલચંદ.
૪ શા. છોટાલાલ મોતીચંદ.
૩ શા. મલુકચંદ હીરાચંદ.
૩ શા. વજેચંદ દીપચંદ.
૩ શા. વીરચંદ રાએચંદ.
૩ શા. છોટાલાલ જોઈતા.
૨ શા. નેમચંદ રાએચંદ.
૩ પટેલ. લાલભાઈ વનમાલી.
૨ શા. શરૂપચંદ રતનચંદ.
૨ પટેલ. હરગોવનદાસ હરજીવન
૨ શા. અનુપચંદ માણેકચંદ.
૨ કડીઆ. છોટાલાલ કાળીદાસ.
૨ શા. ગુલાબચંદ ફતેચંદ.
૨ પટેલ. મુલચંદ આસારામ.
૨ પટેલ. ઠાકોરલાલ મુલચંદ.
૨ પટેલ. મુલચંદ ખીમચંદ.
૨ શા. ચુનીલાલ ગુલાબચંદ.
૧ દલસુખ. વખતચંદ.
૧ ગાધી. ગલાબચંદ શારાભાઇ.
૧ શા. દોલતચંદ લખમીચંદ.
૧ શા. છગનલાલ મુલચંદ.
૧ શા. લખમીચંદ કશલચંદ.
૧ શા. તારાચંદ જોઇતા.
૧ શા. ગુલાબચંદ નેમચંદ.

ગામ મોહોલેલ.

૧ શા. રૂપચંદ કસ્તુરચંદ.
૧ શા. પાનાચંદ લખમીચંદ.
૧ પા. ગબડ નથુ.
૧ શા. ખુશાલ વજેચંદ.
૧ શા. ભાઇચંદ ગુલાબચંદ.
૧ શા. કસ્તુર વજેચંદ.
૧ પા. મુલચંદ દામોદર.

વટામણ ૨૩

૩ શા. પીતાબર જેઠાની મારફતે.

૩ શા. પીતાંબર જેઠા.
૪ ભાવશાર. કરસન ગોપાલ.
૨ ભાવશાર. કાળુ વીરજી.
૨ ભા. ફુલચંદ નારણ.
૧ ભા. ઝવેર દેવજી.
૧ ભા. પુંજા મુલજી.
૧ શા. નરસી પીતાંબર.
૧ શા. ડાહ્યા કુંવરજી.
૧ ભા. હજુ નથુભાઈ.
૧ ભા. જાદવજી મેઘજી.
૧ ભા. નારણ ઝવેર સાયલાવાળા.
૧ ભા. દેવચંદ ગોબર.
૧ ભા. ઓઘડ જેઠા.
૧ ભા. ભગવાન મોરારધંધુકાવાળા
૧ ભા. ટોકર જેસંગ.
૧ ભા. હકુ કાળા ગા. ગોલાણા.

અમદાવાદ ૧૦

૫ શા. ગીરધર કેવળદાસ.
૫ શા. મલીચંદ બલાખીદાશ.

ધોલકા ૫

૪ શા. મોહનલાલ તારાચંદ.
૧ બાઈ મથુરી.

શાણંદ ૩૦

૭ શા. નાનચંદ સાંતીદાશ સ્થાનક ખાતે.
૧ શા. રાઘવજી પ્રેમચંદ.
૨ શા. પોપટ હેમચંદ.
૨ શા. ભુરા લવજી.
૧ શા. ભુરા ઉકા.
૧ શા. પોપટ ભગુભાઈ.
૧ શા. ગીન મલુકચંદ.
૧ શા. છગન ભાનજી.
૧ શા. શાકા નારણભાઈ.
૧ શા. તરભોવન મુલચંદ.
૧ શા. કેશવજી રઘુભાઈ.
૧ શા. ચુનીલાલ ભાઈચંદ.
૧ ગાંધી ગોકલ પુંજા.
૧ શા. સુંદર મકા.
૧ શા. મોહન ઘેલા.
૧ પા. હરીભાઈ ગોપાલદાશ.
૧ પા. વજા જીવણ.
૧ ભા. જેમલ ધના.
૧ ભા. નરસી લખુ.
૧ ભા. કેશવજી મોતીચંદ.
૧ પા. રામા રણછોડ.
૧ ભાવશારણ બાઈ કંકુ.

સુરત બંદર ૧૦

૧૦ શા. જીવનલાલ તારાચંદ.

ગામ નાર, ૧૦

૧ શા. વખતચંદ મુલચંદ.

૩ પા. ફુલચંદ બાબર.

૧ પા. જેઠાભાઇ ગબડભાઇ.

૧ શા. મગનલાલ ફતેચંદ

૧ પા. મીઠાભાઈ રણછોડ

૧ પા. લલુભાઇ તાપીદાસ.

૧ પા. ભાઇલાલ લખાભાઈ.

૧ પા. બાવાજી ડુંગરજી.

ખેડા ૨૪

૨૪ ભા. રણછોડ ત્રીભોવન મારફતે.

નરોડા ૧

૧ પટેલ. ભઈબા કાલીદાસ.

વાગડ ૨

૧ ભા. બેહેચુર માધવજી.

૧ ભા. મોહન રઘા.

જાહેર ખબર.

સર્વે ભાઈઓને ખબર આપવામાં આવેછે કે અમારા તરફથી નીચે લખેલાં પુસ્તકો રોકડી કિંમતે મળી શકશે.

સામાયકસૂત્ર:—એ નામના પુસ્તકની ઘણીજ નકલો ખપી ગઈછે તેમજ અત્રેની સભા તરફથી સુચવન હોવાથી તેની કિંમતમાં ઘટાડો કરી ફક્ત ૧ આનો લેવાનો ઠરાવ કર્યો છે. જેથી ગ્રાહકોએ મંગાવી લેવા ચુકવું નહી.

પ્રતિક્રમણ સૂત્ર:—કે જેની થોડીજ નકલો બાકી રહી છે. કિંમત રૂ ૦-૪-૦ ગ્રાહકોએ તાકીદે મંગાવી લેવું.

ઉમેદચંદજી કૃત્ય કાવ્ય સંગ્રહ ભાગ ત્રીજો—એના પ્રગટ કર્તા તરફથી અમોને મળ્યું છે. જેની કીંમતમાં ઘટાડો કરી રૂ ૦-૪-૦ પ્રમાણે આપવાનો ઠરાવ કર્યો છે. સાથે અથિર સંસાર પુસ્તક પણ ભેટ આપવા પ્રગટ કર્તા તરફથી સુચવ્યું છે; ગ્રાહકોએ નિચેને શિરનામે પોષ્ટપેડ પત્રથી લખવું.

ખંભાત.

શા. ભાઈલાલ દોલતચંદ. ઠે, કડા કોટડી.

શા. છોટાલાલ મોતીચંદ. ઠે. સુતારવાડો.